રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા લેવાશે પરીક્ષાઃ

જામનગરમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨મા ૨૭ હજારથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

જામનગર તા. ૨૫: આગામી માસના અંતમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦ અને ધો. ૧૨ ની વાર્ષિક પરીક્ષાઓ લેવામાં આવનાર છે.

જામનગર જિલ્લામાં ધો. ૧૦ અને ધો. ૧૨ ના કુલ ૨૭ હજારથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપનાર છે આ માટે સંબંધિત વિભાગ દ્વારા તૈયારીઓ કરવામાં આવી છે. આગામી તા. ૨૭-૨-૨૫થી ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓ માટે વાર્ષિક પરીક્ષાઓ શરૂ થઈ રહી છે.

જામનગરમાં ધો. ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) આશરે ૧૭૮૦ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જેમનાં માટે ૯ બિલ્ડીંગ અને ૮૯ બ્લોકની વ્યવસ્થા કરવામાં આવી છે.

ધો. ૧૨ (સામાન્ય પ્રવાહ)માં લગભગ ૮૨૪૦ વિદ્યાર્થી નોંધાયા છે. તેઓ માટે ૨૭ બિલ્ડીંગ અને ૨૭૮ બ્લોકની વ્યવસ્થા કરવામાં આવી છે.

જ્યારે ધો. ૧૦ માં (ઝોન ૧૦૬ અને ૧૦૭)માં આશરે ૧૭૪૦૦ વિદ્યાર્થીઓ નોંધાયા છે. તેમના માટે ૫૯ બિલ્ડીંગ અને ૫૮૦ બ્લોકની વ્યવસ્થા કરવામાં આવી છે.

આમ, જામનગર જિલ્લામાં ધો. ૧૦-૧૨માં આશરે ૨૭૪૨૦ વિદ્યાર્થીઓ નોંધાયા છે. સમગ્ર પરીક્ષાઓ ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા અને દરેક વર્ગ રૂમમાં સીસીટીવી કેમેરાની દેખરેખ હેઠળ લેવામાં આવશે. આ માટે જિલ્લા વહીવટી અને શિક્ષણ તંત્ર દ્વારા પરિક્ષા સંબંધિત તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો છે.

જામનગરમાં આવતીકાલથી પાંચ દિવસીય એક્યુપ્રેશર-સુજોકનો સારવાર કેમ્પ

જામનગર તા. ૨૫: શ્રી મોડદેવ પીરદાદા રાજપૂત સમાજમાં એક્યુપ્રેશર, સુજોક અને મેગ્નેટ પદ્ધતિનો પાંચ દિવસીય સારવાર કેમ્પનું તા. ૨૬-૧-૨૫થી તા. ૩૧-૧-૨૫ સુધી આયોજન કરવામાં આવ્યું છે. ચિકનગુનીયા, સાંધાના દુખાઃવો, કમરે દર્દ, પેટના રોગ, માઈગ્રેન, પેરેલાઈઝ, બીપી, સુગર, જાડાપણુ, આંખ, કાન, ગળુ, અને દરેક બીમારીનો ઈલાજ દવા વગર (હાથ પગની નાડી દબાવીને) કરવામાં આવશે. શ્રીમોડદેવ પીરથી રાજપૂત સમાજ ભાવિક સમિતિ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી ૪૯-દિ.પ્લોટ હનુમાન ટેકરી શ્રી કચ્છી રાજપૂત સમાજ શ્રી મોડદેવપીર દાદા મંદિરમાં આયોજીત આ કેમ્પનો લાભ લેવા સંસ્થાના સહદેવસિંહ આર. જાડેજાએ અનુરોધ કર્યો છે.

ચિરવિદાય

જામનગર નિવાસી કમલેશ અમૃતલાલ કટારીયા (ઉ.વ. ૬૧), તે સ્વ. જયેન્દ્રભાઈ (લંડન), સ્વ. મહેશભાઈ, જ્યોતિબેન હરીશકુમાર દાવડાના નાનાભાઈ તથા રાજુભાઈ કટારીયા (પ્રીન્સ વિડીયોવાલા) ના મોટાભાઈ શ્રીજીચરણ પામેલ છે. સદ્‌ગતનું ઉઠમણું તા. ૨૫-૧-૨૦૨૫, શનિવારના સાંજે ૫ થી ૫.૩૦ વાગ્યા દરમિયાન ભાઈઓ તથા બહેનો માટે પાબારી હોલ, તળાવનીપાળ, જામનગરમાં રાખવામાં આવ્યું છે.

જામનગરઃ સ્વ. સવજીભાઈ બાવજીભાઈ લીંબાસીયાના પત્નિ રેણુકાબેન (ઉ.વ. ૮૦), તે નરેશભાઈ, રાજુભાઈ, દિપકભાઈ, વિપુલભાઈના માતા તથા કવન, હેત, દિશાંતના દાદી તથા યજુર્વના પરદાદીનુ તા. ૨૫-૧-૨૦૨૫, શનિવારે અવસાન થયું છે. સદ્‌ગતની પ્રાર્થનાસભા તા. ૨૭-૧-૨૦૨૫ સોમવારના, સાંજે ૪-૦૦ થી ૪-૩૦ વાગ્યા દરમિયાન ભાઈઓ તથા બહેનો માટે પાબારી હોલ, તળાવની પાળ, દુઃખભજન મહાદેવના મંદિર પાસે, જામનગરમાં રાખવામાં આવી છે.

જામનગરઃ શ્રી ગૌડ મેડતવાડ બ્રાહ્મણ સ્વ. છેલશંકર શિવશંકર ત્રિવેદીના પુત્ર કમલેશકુમાર ત્રિવેદી (ઉ.વ. ૫૭), તે પ્રવિણાબેનના પતિ મનન, માન્યાના પિતા, ભરતભાઈના નાનાભાઈ અને (રાજકોટ) સગુણાબેન જયેશકુમાર ત્રિવેદી (ધોકડવા નિવાસી) પ્રકાશભાઈ શાંતિલાલ જાની (જાની ઈન્ડેન), ધનસુખભાઈ જાની (મારૂતિ મેડિકલ), મહેશભાઈ જાની (આઈએએસ-નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશ્નર, રાજકોટ) તથા (નાયબ કમિશ્નર, રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન) અને (પારસબેન પિયુષકુમાર જાની (ઉના) ના બનેવીનું તા. ૨૪-૧-૨૦૨૫ ના અવસાન થયું છે. સદ્‌ગતનું બેસણું તા. ૨૬-૧-૨૦૨૫ ના સાંજે ૪ થી ૪.૩૦ દરમિયાન પાબારી હોલ, તળાવનીપાળ, જામનગરમાં રાખવામાં આવ્યું છે.

જામનગરઃ ગં.સ્વ. બિનાબેન (વસંતબેન) જયકાંતભાઈ ઓધીયા, તે સ્વ. જયકાંતભાઈના પત્ની તથા હાર્દિકભાઈ, જિજ્ઞાબેનના માતુશ્રી તથા ચંદ્રેશભાઈ શિંગાળાના સાસુ તથા સ્વ. શંકરભાઈ કેશવજીભાઈ વિઠ્ઠલાણી (જામનગર) ના પુત્રી તા. ૨૪-૧-૨૦૨૫ ના શ્રીજીચરણ પામેલ છે. સદ્‌ગતની પ્રાર્થનાસભા (બેસણું) તથા માતૃપક્ષની સાદડી તા. ૨૭-૧-૨૦૨૫ ના સાંજે ૪ થી ૫ વાગ્યા દરમિયાન પારેશ્વર મહાદેવ મંદિર, ભક્તિનગર સર્કલ પાસે, રાજકોટમાં રાખવામાં આવી છે.

અશ્રુભીની શ્રદ્ધાંજલિ

સ્વ. મનસુખલાલ રામજીભાઈ બગથરીયા

સ્વ.તા.૨૩-૧-૨૦૨૫ (ગુરુવાર) (ઉ.વ.૭૦) (ગામઃ જામનગર)

એક ચહેરો જે દૃષ્ટિમાંથી ક્યારેય ભૂલાય નહીં, એક વ્યક્તિત્વ કે જે ક્યારેય વિસરાય નહીં, એક ઠૂંઠ જે ક્યારેય હવે મળશે નહીં, જેમનું નામ હૃદયમાં સતત ગૂંજ્યા કરે, અને ફૂલ બની આસપાસ મહેક્યા કરે, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે

સ્વ.

ભાવેશ પ્રફુલ્લચંદ્ર વિપાણી (અરિહંત સિમેન્ટ એજન્સી)

જીગ્નેશ પ્રફુલ્લચંદ્ર વિપાણી (ફોરમ, જેપીવી એન્ટરપ્રાઈઝ) (જિલ્લા પ્રમુખશ્રી, નવનાત વણિક સમાજ)

વિજેશ પ્રફુલ્લચંદ્ર વિપાણી (વિજેશ હેન્ડીકાફ્ટ)

જામનગર મહાનગરપાલિકાના વિવિધ વિભાગોના અધિકારીઓ જોડાયા

જુની આરટીઓ કચેરીથી મીગ કોલોનીનો માર્ગ નવો બનશેઃ મ્યુનિસિપલ કમિશનરે કર્યું નિરિક્ષણ

જામનગરમાં જૂની આરટીઓ કચેરીથી મિગ કોલોની તરફનો માર્ગ નવો બનાવવામાં આવનાર છે. આ નવા સંભવિત માર્ગનું આજે મ્યુનિ. કમિશનર ડી.એન. મોદીએ નિરીક્ષણ કર્યું હતું આ સમયે મહાનગર પાલિકાના વિવિધ વિભાગના અધિકારીઓ પણ સાથે જોડાયા હતાં.

આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂરઃ

ચકચારી વાહન લોન પ્રકરણના બે આરોપીની રેગ્યુલર જામીન અરજી રદ્દ

જામનગર તા.૨૫ : જામનગરના ચકચારી ટ્રક લોન કૌભાંડના આરોપીઓ સામે ચાર મહિના પહેલાં નોંધાવાયેલી ફરિયાદમાં ઓગણીસ આરોપી ની પોલીસે ધરપકડ કરી હતી. તે પૈકીના બે આરોપીએ કરેલી રેગ્યુલેર તથા એક આરોપીએ કરેલી જામીન અરજી અદાલતે નકારી કાઢી છે.

જામનગરના રઝાક સોપારી સહિતના વ્યક્તિઓ ફાયનાન્સ કંપનીઓ પાસેની લોન પર મેળવવામાં આવેલા વાહનો રાખી લઈ તેના હપ્તા ભરપાઈ ન કરી રીકવરી માટે આવતા કર્મચારીઓને ડરાવી ધમકાવી અને હાથ-પગ ભાંગી નાખવાની ધમકી આપી કાઢી મુકતા હોવાની પોલીસમાં ફરિયાદ થઈ હતી. પોલીસે કુલ ૧૯ શખ્સ સામે નોંધ્યો હતો. ગયા ઓગસ્ટ મહિનામાં નોંધેલી આ ફરિયાદમાં ધરપકડ શરૂ કરાયા પછી આરોપીઓને જેલહવાલે કરી દેવાયા હતા. જેમાંથી ડાયા કાનાભાઈ મોરી, અરવિંદ એભાભાઈ ડાંગર નામના બે આરોપીએ જામીન મુક્ત થવા અદાલતમાં અરજી કરી હતી. જ્યારે પ્રકાશ જેસીંગ જેઠવા નામના આરોપીએ આગોતરા જામીન મેળવવા અરજી કરી હતી. તે અરજીઓ સામે જિલ્લા સરકારી વકીલ જમન ભંડેરીએ કરેલી દલીલો ગ્રાહ્ય રાખી અદાલતે બે આરોપીની રેગ્યુલર અને એક આરોપીની આગોતરા જામીન અરજી રદ્દ કરી છે.

પ્રથમ પૃષ્ઠથી ચાલુ...

પરિવર્તનો થયા, મહામારીઓ, મંદી અને મોંઘવારીની વિષમ સ્થિતિમાં સર્જાઈ અને ઘણાં વૈશ્વિક અને આંતરિક દબાણોનો સામનો કરવો પડ્યો, તેમ છતાં આપણો દેશ એક ગૌરવપૂર્ણ મોટી લોકતાંત્રિક સાર્વભૌત્વ સત્તા તરીકે દુનિયામાં ડંકો વગાડી રહ્યો છે, અને આજે આખી દુનિયા ભારતીય પ્રાચીન વારસા તથા સંસ્કૃતિ તરફ આકર્ષિત થઈ રહી છે, તેમાં આપણા આ અનોખા ત્રિવેણી સંગમનો સિંહફાળો છે. નાગરિક ધર્મ, રાજધર્મ અને આધ્યાત્મના ત્રિવેણી સંગમ સમુ આ પર્વ પણ ઈતિહાસના પાને સુવર્ણ અક્ષરે લખાવાનું છે.

પ્રજાસત્તાક પર્વને આપણે ગણતંત્ર દિવસ અને રિપબ્લિક ડે તરીકે ઉજવીએ છીએ અને પરંપરાગત રીતે આ ઉજવણી દર વર્ષે થાય છે. આપણો દેશ પ્રજાસત્તાક જાહેર થયો ત્યારે પણ ઘણાં પડકારો હતાં અને આજે પણ બદલતા વૈશ્વિક પ્રવાહો, બદલતી આબોહવા અને આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ સુધીની અદ્યતન ટેકનોલોજીના યુગમાં નવા પડકારો ઊભા થતા રહે છે, તેમ છતાં ભારત આજે વિશ્વમાં સૌથી મોટો સફળ લોકતંત્ર, મજબૂત અર્થતંત્ર અને વિરાટ જનસંખ્યા છતાં વિકાસશીલમાંથી વિકસિત રાષ્ટ્ર તરફ જવાના લક્ષ્ય સાથે આગળ વધી રહ્યું છે, તેમાં આઝાદી પછીની તમામ સરકારો તથા દેશની પરિપકવ જનતાના સક્રિય યોગદાનનો સિંહફાળો છે.

આ ગૌરવ લેવાની સાથે-સાથે આપણે થોડું આત્મમંથન કરવાની જરૂર પણ છે. એક નાગરિક તરીકેના પૂરેપૂરા કર્તવ્યો આપણે બજાવી રહ્યાં છીએ ખરા...! આઝાદીકાળમાં જે પ્રકારની દેશભક્તિની ભાવનાઓ હતી અને દેશ માટે કુરબાન થઈ જવાની તાલાવેલી પ્રત્યેક ભારતીયોને હતી, તે આપણી અને આવનારી પેઢીઓને યાદ રહેશે ખરી...? આપણે દેશ પ્રત્યેની કર્તવ્યભાવનાઓ વિસરી તો ગયા નથી ને...? આપણા સમૃદ્ધ અને સુસંસ્કૃત દેશને કોઈ નવા સ્વરૂપના છદ્મવેશી આક્રાંતાઓ ફરીથી લૂંટવા અને પરોક્ષ રીતે ગુલામ બનાવવાના પ્રયાસો તો કરી રહ્યાં નથી ને...?

નવા માર્કેટીંગ યુગમાં આપણાં મૂલ્યો અને સિદ્ધાંતોના પણ મુલ-ભાવ થઈ રહ્યાં નથી ને...? તેવા પ્રશ્નોના જવાબ (સાચા) શોધવાની જરૂર નથી લાગતી...?

આજે મતદાતા જાગૃતિ દિવસ પણ ઉજવાઈ રહ્યો છે, આખી દુનિયા આપણાં દેશના મહાકુંભમાં ડુબકી લગાવતા કરોડો લોકોને આશ્ચર્યચકિત થઈને નિહાળી રહી છે. દુનિયાભરના વિચારકો અને વિશ્લેષકો આપણાં દેશની તંદુરસ્ત લોકશાહી અને પ્રાચીન સભ્યતાથી લઈને અર્વાચીન ભારતની ઉપસ્થિતિઓના ગુણગાન ગાઈ રહ્યાં છે, અને ખૂબીઓની સાથે-સાથે આપણાં દેશમાં પ્રવર્તતી કેટલીક કૂપ્રથાઓ તથા અંધશ્રદ્ધાનો ઉલ્લેખ પણ થઈ રહ્યો છે, ત્યારે આપણે કેટલીક "ઊણપો" ને હટાવીને દેશને ફરીથી આપણા ભવ્ય ભારતીય વારસાને અનુરૂપ પ્રગતિના પંથે લઈ જવાનો સંકલ્પ લેવો પડશે.

લોકતંત્રના પર્વ સમી દિલ્હીની ચૂંટણીઓએ જેવી રીતે સમગ્ર દેશનું ધ્યાન ખેંચ્યું છે, તેમજ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ આવી રહી છે. મહાકુંભના ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવવાની જેમ જ આપણે લોકતંત્રના મહાપર્વમાં ડૂબકી લગાવવા માટે જ્યારે-જ્યારે ચૂંટણી આવે ત્યારે-ત્યારે મતદાન કરવાનું ભૂલી ન જઈએ, આજે મતદાન જાગૃતિનો સંદેશ પણ ફેલાવીએ...

:: જાહેર નોટીસ ::

આથી જાહેર જનતા તથા સંબંધકર્તા સર્વે ને જાણ કરવાની કે શ્રી ગુજરાત રાજ્ય ના જામનગર જિલ્લાના જામનગર તાલુકાના મોજે ખીમરાણા ગામના ખાતા નંબર ૧૪૬૭ તથા ૧૪૬૮ ના નીચે મુજબ ની વિગત વાળી ખેતી લાયક પિયત જમીન આવેલ છે. તે ખેતીની જમીન જૂની શરતની જમીન આવેલ છે. તે ખેતીની જમીન હાલના માલિક શ્રી રાજેશકુમાર ડાયાભાઇ પટેલ છે. તે જમીન તેમની સ્વતંત્ર માલિકી અને કબ્જા ભોગવટા ની આવેલ છે અને તે જમીન તેઓ પાસે થી સદરહુ ખેતીની જમીન ખરીદ કરવા અમારા અસીલે સોદો કરેલ છે.

રેવેન્યુ સર્વે નંબર	ક્ષેત્રફળ	નામ
૧૮૩ / પૈકી ૨	૦-૫૫-૯૮	રાજેશકુમાર ડાયાભાઇ પટેલ
૧૮૩ / પૈકી ૩	૦-૫૫-૯૯	રાજેશકુમાર ડાયાભાઇ પટેલ

ઉપરોક્ત જગ્યા માં જો કોઈ પણ વ્યક્તિ, પેઢી, સંસ્થાનું લેણું, બોજો, ચાર્જ, લીયન કે અગ્રહક્ક હોય કે ઉપરોક્ત જગ્યા માં કોઈપણ જાતનો હક્ક, હિસ્સો, હિત, સંબંધ, લાગભાગ કે અધિકાર આવેલ હોય અથવા ઉપરોક્ત જગ્યામાં વેચાણ સામે કોઈપણ ને વાંધો-તકરાર હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયે દિવસ-૦૬(સાત) માં અમોને નીચેના સરનામે લેખિત આધાર-પુરાવા સાથે રજુ કરવા. જો મુદત દરમ્યાન કોઈ વાંધો, તકરાર આપવામાં નહિ આવે તો ઉપરોક્ત જગ્યામાં કોઈ નું લેણું, બોજો, ચાર્જ, લાગભાગ કે અધિકાર આવેલ નથી તેમજ ઉપરોક્ત જગ્યાના વેચાણ સામે કોઈપણને વાંધો-તકરાર કે હરકત નથી, અને જો હોય તો જતા (વેઇવ) કરેલ છે. તેમ માની અમારા અસીલ પૂરેપરો અવેજ ચુકવી તેઓ જોગનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ અમારા અસીલની કોઈપણ જવાબદારી રહેશે નહી, તેની સર્વેએ નોંધ લેવી.

જામનગર
તા: ૨૫.૦૧.૨૦૨૫

ધર્મેન્દ્ર જે. કનખરા - એડવોકેટ
- તે મારા અસીલની સૂચનાથી

ધર્મેન્દ્ર જે. કનખરા - એડવોકેટ
પ્રથમ માળ, શિવહરી ટાવર્સ, ખંભાળિયા ગેઇટ પાસે, જામનગર
મોબાઈલ નંબર - 9824280095

ટચૂકડી જાહેર ખબર

વેંચવાના છે
હાપામાં મકાન અને પ્લોટ
મો. ૭૦૬૯૯ ૫૦૦૨૦
(ડ-૪૯૫૭)

કારીગર જોઈએ છે
પંચર સાયકલ રીપેરીંગ અને બાઈકના પંચર માટે બાઈક ગેરેજના કારીગર
મો. ૭૦૬૯૯ ૫૦૦૨૦
(હાપા વિસ્તાર માટે)
(ડ-૪૯૫૮)

કારીગર જોઈએ છે
એફએમસીજી લાઈનના ડીલેવરી સાયકલથી કરી શકે તેવા, સંપર્કઃ મો. ૯૯૭૯૯ ૯૪૦૫૬ (ડ-૪૯૫૯)

અનુભવી ઓફિસ સ્ટાફ
જોઈએ છે, મેલ/ફિમેલ કોમ્પ્યુટર ઓપરેટર (એક્સેલ ફોર્મ્યુલાના અનુભવ સાથે)-૨, ફીમેલ કોમ્પ્યુટર ઓપરેટર (એકાઉન્ટીંગ સોફ્ટવેરના અનુભવ સાથે)-૧, મો. ૯૮૨૪૪ ૭૮૩૨૩ (ડ-૪૯૬૦)

સ્ટાફ જોઈએ છે
સ્ટેશનરી દુકાન માટે, પાર્ટ/ફુલટાઈમ માટે, સંપર્કઃ વર્ધમાન ટ્રેડર્સ, જોગર્સ પાર્ક પાસે, જામનગર, મો. ૯૪૨૯૨ ૭૦૦૭૦ (ડ-૪૯૬૧)

સેલ્સમેન જોઈએ છે
રેડીમેઈડ ગારમેન્ટસ શોરૂમ માટે, રૂબરૂ મળોઃ નિરવ સિલેક્શન, સુપર માર્કેટ મો. ૯૫૧૦૦ ૩૩૨૦૫
(ડ-૪૯૬૨)

દુકાન ભાડેથી દેવાની છે
હર્ષદમીલ ચાલી રોડ, સોઢા સ્કૂલ પાછળ, ધન અપૂર્વ કોમ્પ્લેક્ષમાં, મો. ૯૭૧૪૨ ૯૫૬૪૧

જોઈએ છે
ડેન્ટલ લેબોરેટરીને લગતી કામગીરી માટે ફુલટાઈમ માણસ (કોમ્પ્યુટર બેઝિક જ્ઞાન જરૂરી) ત્વરીત સંપર્ક કરોઃ હિરેનભાઈ પટેલ મો. ૯૮૭૯૬ ૬૯૩૪૫ હિતભાઈ પટેલ મો. ૯૦૯૯૯ ૯૦૪૫૬

ફ્લેટ વેંચવાનો છે
૧-બીએચકે, શિવદર્શન રેસિડેન્સી, બી-વીંગ, પાંચમો માળ, સેવાસદન-૪ વાળો રોડ, રાજપાર્ક, જામનગર કિંમતઃ ૧૪.૨૫, સંપર્કઃ મો. ૯૦૩૩૫ ૪૫૬૭૮

ટેનામેન્ટ ભાડે દેવાનું છે
૨૪ કલાક પાણીની સગવડ, ત્રણ બેડ રૂમ, હોલ, કિચન લાલવાડી વિસ્તારમાં, સંપર્કઃ મો. ૯૮૨૪૨ ૩૪૭૪૬

ઓફિસ વેંચવાની છે
ડોક્ટર, વકીલ, બેંક જેવા કોર્પોરેટ ટાઈપના વ્યવસાય માટે બીજા માટે, સમર્પણ સર્કલ અંડર બ્રીજની વચ્ચે મેઈન રોડ પર આવેલ, બે લીફ્ટવાળા નવા બિલ્ડીંગમાં મો. ૮૪૬૦૦ ૮૧૬૪૭

ઓફિસ ભાડે આપવાની છે
ઈન્દ્રપ્રસ્થ કોમ્પલેક્ષ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર મો. ૯૭૧૪૨ ૯૫૬૪૧

ટેનામેન્ટ વેંચવાનું છે
રામેશ્વરનગરમાં સ્વતંત્ર ૨-બીએચકે ઉપર, ૨૦ બાય ૨૦ ફૂટ, હોલ, એટેચ્ડ, સંડાસ, બાથરૂમ, ૫૮૦ ફૂટ જગ્યા, ૧૧૦૦ ફૂટ બાંધકામ, ટાઈટલ ક્લીયર મો. ૯૮૯૮૨ ૨૬૪૦૦

સંક્ષિપ્ત સમાચાર

★ શેરમાર્કેટમાં વોલેટિલિટીને કારણે રોકાણકારોમાં ડર, ગત્ ડિસેમ્બર-૨૦૨૪ માં એસઆઈપી ક્લોઝર રેશિયો ૮૩% પર પહોંચ્યો.

★ દેશનું ફોરેક્સ રિઝર્વ ૧૭-જાન્યુઆરી-૨૦૨૫ ના અંતે પૂરા થતા સપ્તાહમાં ૧.૮૮ અબજ ડોલર ઘટીને ૬૨૩.૯૮ અબજ ડોલર થયું.

★ તાતા ઈલેક્ટ્રોનિક્સે આઈફોન બનાવતી પેગાટ્રોનમાં ૬૦% હિસ્સો હસ્તગત કર્યો.

★ ટોરેન્ટ ફાર્માનો નફો ડિસેમ્બર ક્વાર્ટરના અંતે ૧૪% વધી રૂ.૫૦૩ કરોડ નોંધાયો.

★ અમેરિકામાંથી ડિપાર્ટ થતા લોકોને મેક્સિકો આશરો તથા આર્થિક મદદ આપશે.

★ દિલ્હી વિધાનસભા ચૂંટણીઃ અત્યાર સુધીમાં આદર્શ આચારસંહિતાના ઉલ્લંઘનના ૫૭૦ થી વધુ કેસ નોંધાયા.

★ ઉત્તરપ્રદેશઃ દેવરિયામાં પતિના ત્રાસથી કંટાળી બે મહિલાએ એકબીજા સાથે લગ્ન કર્યા.

★ સ્કિવડ ગેમ-૨ઃ ભારતમાં સૌથી વધુ જોવાયેલી વિદેશી સીરિઝ બની.

વર્ષ-૨૦૨૫માં

વિશ્વની સૌથી મૂલ્યવાન બ્રાન્ડ તરીકે 'એપલ' ટોચના સ્થાને યથાવત

જામનગર તા. ૨૫: એપલે વર્ષ ૨૦૨૫માં વિશ્વની સૌથી મૂલ્યવાન બ્રાન્ડ તરીકે ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. બ્રાન્ડ ફાઈનાન્સે જણાવ્યું હતું કે, માઈક્રોસોફ્ટ અને ગૂગલે પણ અનુક્રમે બીજું અને ત્રીજું સ્થાન જાળવી રાખ્યું છે. ત્યારપછી એમેઝોન, વોલમાર્ટ, સેમસંગ ગ્રુપ, ટિકટોક, ફેસબુક, એન-વિડીયા અને સ્ટેટ ગ્રીડ કોર્પોરેશન ઓફ ચાઈના આવે છે. ઉલ્લેખનીય છે કે, એનવીઆઈ ડીઆઈએ એ પ્રથમ વખત ટોપ-૧૦માં સ્થાન મેળવ્યું છે.

વકીલમંડળ દ્વારા કાલે યોજાશે ધ્વજવંદન કાર્યક્રમ

જામનગર તા.૨૫ : જામનગરમાં આવતીકાલે વકીલ મંડળ દ્વારા દર વર્ષની માફક ન્યાયાલયના પટાંગણમાં ધ્વજવંદન, વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. જેમાં રક્તદાન સહિતની સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવશે.

મરહુમની મજલીસ

જામનગરના યુસુફ અલારખાભાઈ બ્લોચનું તા. ૨૫-૧-૨૦૨૫ (ઈન્તેકાલ) અવસાન થયેલ છે. મરહુમના સવાબ માટે ઝિયારતની મજલીસ તા. ૨૭-૧-૨૦૨૫, સોમવારના સવારે ૧૧ વાગ્યે સેતા મસ્જિદ, ભાનુશાળીવાડ, જામનગરમાં રાખેલ છે. જેમાં મૌલાના આસિફ બાપુ નુરાની તકરીર ફરમાવશે.

જામસાહેબનો પ્રજાસત્તાક દિવસનો સંદેશ

ભારતના અને વિશ્વના કેટલાક ભાગોમાં મુસ્લિમો અને હિન્દુઓ વચ્ચે થઈ રહેલા અસહ્ય અનર્થોથી હું ખૂબ જ ભયભીત છું. જોકે, હું આ ભયંકર દુઃસાહસમાં ન પડવાનું પસંદ કરૂં છું, કારણ કે જામનગરના મુસ્લિમો મારા ભાઈઓ અને બહેનો છે જે સિંધ અને કચ્છથી અમારી સાથે આવ્યા હતા અને હંમેશાં મારા પરિવાર પ્રત્યે વફાદાર રહ્યા છે, અને હું તેમની સંભાળ રાખવા માટે મારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશ.

અર્ક — સાચા અંતરના આશીર્વાદ માંગવા કરતા મળે એ સારા.

શબ્દવ્યૂહ ૭૦૭૩

આડી ચાવી

૨. દીકરીનો વર--------(૩
૫. હિન્દુ તત્વજ્ઞાનના છ દર્શનોને લગતું-------(૪
૬. જિંદગી અને માલ મિલકત -(૪
૭. જ્ઞાતિ ----------(૨
૯. મનન, ચિંતન, ધ્યાન---(૩
૧૧. આજ્ઞાંકિતપણું સૂચક માનવાચક શબ્દ------(૧
૧૨. કામ, કાર્ય ---------(૨
૧૪. વનસ્પતિ, ફળ વિગેરેની ત્વચા ----------(૨
૧૬. શાસન કરનાર, સૂબો --(૩
૨૦. એક જ માંના પેટે જન્મેલું-(૪
૨૧. બાળકને રમવાની વસ્તુ -(૪

ઊભી ચાવી

૧. ભાગ્યે, ક્વચિત્------(૩
૨. ચુંગાલ, સકંજો-------(૩
૩. શારીરિક હાનિ -------(૨
૪. વિશિષ્ટ જનસમૂહ, જનતા (૩
૮. કાયા, બદન --------(૨
૯. છત, બરકત --------(૪
૧૦. નિયમમાં રાખનાર કે વ્યવસ્થાપક---------(૪
૧૩. કાળા રંગનું દુધાળું ઢોર -(૨
૧૫. અણધાર્યો લાંબો મૂકામ -(૨
૧૭. વેર, વૈમનસ્ય -------(૨
૧૮. નાણું, કસબ --------(૨
૧૯. શ્વાસોશ્વાસ માટેનો અવયવ, નાસિકા-----(૨

આડી ચાવી: (૧) બહુ (૩) ઘેન (૫) ગોપ (૬) પરંપરા (૭) પાપી (૮) જ (૯) મેં (૧૧) તાગ (૧૨) કૂદકો (૧૩) મતીલું (૧૬) છબી (૧૮) એકપટી (૨૦) છો (૨૧) જકાત

ઉકેલ કોયડા નં. ૭૦૭૨

ઊભી ચાવી: (૧) રૌદ્ર (૨) બજરંગી (૩) ઘેટું (૪) ગપ (૫) ગોપીચંદન (૧૦) રેતી (૧૪) માછલી (૧૫) દીદી (૧૭) મિલકત (૧૯) કર્તા

આપની આવતીકાલ

જ્યોતિષીઃ ઋષિ બટુકભાઈ શાસ્ત્રી, મો. ૯૮૯૮૯ ૯૦૮૮૭

મેષ (અ-લ-ઈ) — આપને કામમાં પ્રતિકૂળતા જણાય. ઘર-પરિવારની ચિંતાના લીધે કામમાં મન લાગે નહીં. ઉચાટ-ઉદ્વેગ રહ્યાં કરે. શુભ રંગઃ બ્લુ શુભ અંકઃ ૫-૮

વૃષભ (બ-વ-ઉ) — આપના કામમાં પુત્ર-પૌત્રાદિકનો સાથ-સહકાર મળી રહેતા રાહત જણાય. વાણીની મીઠાશથી કામમાં સરળતા રહે. શુભ રંગઃ સફેદ શુભ અંકઃ ૧-૬

મિથુન (ક-છ-ઘ) — આપના કાર્યમાં પ્રારંભિક પ્રતિકૂળતા બાદ સાનુકૂળતા થતી જાય. આકસ્મિક ખર્ચ-ખરીદીના લીધે નાણાભીડ રહે. શુભ રંગઃ લીલો શુભ અંકઃ ૨-૪

કર્ક (ડ-હ) — આપના કાર્યની સાથે અન્ય કામમાં વ્યસ્તતા જણાય. મહત્ત્વના નિર્ણય લેવામાં સાનુકૂળતા મળી રહે. શુભ રંગઃ ફાઈન શુભ અંકઃ ૩-૬

સિંહ (મ-ટ) — આપે તન-મન-ધનથી સંભાળીને શાંતિથી દિવસ પસાર કરી લેવો. વ્યવહારિક કામમાં ઉતાવળ ન કરવી. શુભ રંગઃ ગ્રે શુભ અંકઃ ૫-૭

કન્યા (પ-ઠ-ણ) — નોકરી-ધંધાના કામ અંગે બહારગામ જવાનું બને. સહકાર્યકર વર્ગના સહકારથી સરળતા મળી રહે. શુભ રંગઃ ગુલાબી શુભ અંકઃ ૨-૬

તુલા (ર-ત) — આપના કામમાં વ્યસ્ત રહીને દિવસ પસાર કરી શકો. જમીન-મકાન-વાહનના કામકાજમાં સાનુકૂળતા રહે. શુભ રંગઃ જાંબલી શુભ અંકઃ ૮-૪

વૃશ્ચિક (ન-ય) — આપના કાર્યમાં આકસ્મિક સાનુકૂળતા મળી રહેતા કામના ઉકેલમાં ઝડપ આવે. ધંધામાં નવી ઘરાકીથી લાભ થાય. શુભ રંગઃ પિસ્તા શુભ અંકઃ ૩-૯

ધન (ભ-ધ-ફ-ઢ) — આપે આવેશ-ઉશ્કેરાટમાં આવ્યા વગર શાંતિથી દિવસ પસાર કરી લેવો. વિવાદ-મનદુઃખથી સંભાળવું પડે. શુભ રંગઃ બ્લુ શુભ અંકઃ ૨-૬

મકર (ખ-જ) — આપના મહત્ત્વના કામનો ઉકેલ આવવાથી રાહત અનુભવો. રાજકીય-સરકારી કામ અંગેની મુલાકાત થાય. શુભ રંગઃ ફાઈન શુભ અંકઃ ૧-૪

કુંભ (ગ-શ-સ-ષ) — આપના કામમાં સાનુકૂળતા મળી રહે. સીઝનલ ધંધામાં આકસ્મિક ઘરાકી આવી જવાથી આવક જણાય. શુભ રંગઃ લાઈટ શુભ અંકઃ ૫-૮

મીન (દ-ચ-ઝ-થ) — આપના યશ-પદ-ધનમાં વધારો થાય તેવી કાર્યરચના થવાથી આનંદ અનુભવો. સંયુક્ત ધંધામાં સહકાર રહે. શુભ રંગઃ પીળો શુભ અંકઃ ૩-૯

આવતીકાલનું પંચાગ

સુર્યોદય : ૭-૨૯ સુર્યાસ્ત : ૬-૩૧

દિવસના ચોઘડીયા
(૧) ઉદ્વેગ (૨) ચલ (૩) લાભ (૪) અમૃત (૫) કાળ (૬) શુભ (૭) રોગ (૮) ઉદ્વેગ

રાત્રિના ચોઘડીય